For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : હેમંત ડેરે)

# વીકએન્ડમાં સુરતીઓથી ડુમસ સી બીચ છલકાઈ ઉઠયો

**કરોડોના** ખર્ચે તૈયાર થયેલા પ્રોજેક્ટમાં તંત્રવાહકોએ ટાઇમિંગ મુદ્દે ભાંગરો વાટ્યો

સુરતઃ શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા ડુમસ સી ફેઇસ લાંબા સમયથી રાહ જોયા બાદ જનતા માટે ખુલ્લો મુકાતા સુરતીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ખાસ કરીને વીકએન્ડ દરમિયાન મોટી સંખ્યામાં લોકો પરિવાર અને મિત્રો સાથે અહીં ફરવા માટે ઉમટી રહ્યા છે. સી ફેઇસ ખુલ્લો મુકાયો ત્યારબાદના પહેલા જ શનિવાર અને રવિવારે અહીં ભારે ભીડ જોવા મળી હતી. મહાનગરપાલિકા દ્વારા અહીં કરવામાં આવેલી વિવિધ સુવિધાઓ અને સુંદર આયોજન

અનુસંધાન પાના ૧૧ પર

## સાંજે 7 વાગ્યે બંધ થઈ જતાં લોકો વિલા મોંઢે પાછા ફર્યા

બીજી તરફ સી ફેઇસના સમયને લઈને લોકોમાં અસંતોષ પણ જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ડુમસ સી ફેઇસ સવારે 7 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી જ ખુલ્લો રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કારણે સાંજે ફરવા આવનારાઓને નિરાશા અનુભવી હતી. દિવસ દરમિયાન કામકાજમાં વ્યસ્ત રહેનારા ઘણા લોકો ખાસ કરીને સાંજના સમયે પરિવાર સાથે ફરવા આવવા માંગતા હોય છે, પરંતુ સાંજે જ બંધ થઈ જતાં તેમને ધરમનો ધક્કો થઈ રહ્યો છે. આ ઉપરાંત કરોડો રૂપિયાના ખર્ચે અહીં ફેન્સી લાઇટો અને અન્ય આકર્ષક રોશનીની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ સાંજે વહેલા બંધ થઈ જતાં આ લાઇટોનો પૂરતો ઉપયોગ થઈ શકતો નથી. પરિણામે આ ખર્ચ નકામી પુરવાર થતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરતીઓ દ્વારા મહાનગરપાલિકાના તંત્રવાહકોને સી ફેઇસના સમયપત્રકમાં ફેરફાર કરવાની માંગ કરવામાં આવી રહી છે, જેથી સાંજના સમયે પણ લોકો અહીં નિરાંતે સમય પસાર કરી શકે.

## અમારા પણ ધ્યાને આવ્યું છે, સમય મુદ્દે ફેર વિચારણા કરાશે : એડિશનલ સિટી ઇજનેર

ડુમસ સી ફેઇસનો હવાલો સંભાળતા એડીશનલ સીટી ઇજનેર મહેશ ચાવડાએ જણાવ્યું હતુ કે, અગાઉ બીચ સાંજે સાત વાગ્યે બંધ કરી દેવાનો નિયમ હતો તે યથાવત

અનુસંધાન પાના ૧૧ પર

# કુંભારો અને નમાઝી વોરા વચ્ચે ઘર્ષણ, લાઠીચાર્જ કરાયો

**ઝાંપાબજાર,** ટાવર પાસે બે પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ

**ઉશ્કેરાયેલા** ટોળાએ પોલીસ પર પણ માટલાના ટુકડા ફેંક્યા

**મોડી** રાત્રે વોરા સમાજના ટોળેટોળા મહિધરપુરા પોલીસ સ્ટેશન પર પહોંચ્યા





સુરતઃ શહેરના અતિ ગીચ ગણાતા ઝાંપાબજાર વિસ્તારમાં ગતરોજ પાર્કિંગ જેવી સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થતાં અફરાતફરી મચી ગઈ હતી. કુંભારવાડા પાસે વર્ષોથી રસ્તા પર માટલા મૂકીને તેનું વેચાણ ચાલે છે. આ દબાણ કાયમી છે. દરમિયાન હાલમાં રમઝાન ચાલતો હોવાથી અહીં આવેલી મસ્જિદમાં વોરા સમાજના લોકો નમાઝ પઢવામાં આવે છે. તેઓ તેમના વાહનો પાર્ક કરે છે. રવિવારે અહીં માટલા વેચતા કુંભારો અને નમાજ પઢવા આવેલા વોરાજીઓ વચ્ચે પાર્કિંગ મુદ્દે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સ્થિતિ વણસતા મહિધરપુરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો.આક્રોશમાં આવેલા વ્હોરા સમાજના કેટલાક યુવાનોએ માટલા ટુકડા વડે હુમલો કરતા પોલીસે હળવો લાઠી ચાર્જ કરી પરિસ્થિત કાબૂમાં લીધી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો હોય, ઝાંપાબજાર સ્થિત મસ્જિદમાં વ્હોરા સમાજના લોકો મોટી સંખ્યામાં નમાજ અદા કરવા એકઠા થાય છે. આ દરમિયાન કુંભારવાડા વિસ્તારમાં માટલા વેચતા ફેરિયાઓએ જગ્યા રોકી હોવાથી નમાજીઓને વાહન પાર્ક કરવામાં મુશ્કેલી પડી હતી. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે શરૂ થયેલી સામાન્ય બોચાલક્ષી જોતજોતામાં ઉગ્ર બની હતી. આક્રોશમાં આવેલા વ્હોરા સમાજના કેટલાક

અનુસંધાન પાના ૧૧ પર

# ઉમરપાડામાં લગ્ન પ્રસંગથી લઈ જઈ સગીરા પર ગેંગરેપ

**આવવરું** જગ્યાએ લઈ જઈ ચાર નરાધમોએ વારાફરતી દુષ્કર્મ આચર્યું, ઉચ્ચ અધિકારી સહિત પોલીસ કાફલો તપાસમાં જોતરાયો

વાંકલઃ ઉમરપાડા તાલુકામાં સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. ઉમરપાડા તાલુકામાં લગ્ન પ્રસંગમાં આવેલી એક સગીરાને ચાર નરાધમોએ પોતાની હવસનો શિકાર બનાવી સામુહિક દુષ્કર્મ આચારવાનો કિસ્સો સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે ગુનો નોંધી એક સગીર સહિત ચારેય આરોપીઓને ગણતરીના કલાકોમાં દબોચી લીધા છે. અવાવરું જગ્યાએ વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ ઉમરપાડા વિસ્તારના લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો તે દરમિયાન નારાધમોની નજર સગીરા પર પડી હતી. સગીરાને પટાવી ફોસલાવી અથવા ડરાવીને બસ સ્ટેશનના પાછળના ભાગે અવાવરું જગ્યાએ લઈ જઈ ચારેય હવસના ભૂખ્યાઓએ સગીરા પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું.

આ ઘટનાબાદ ભોગ બનનાર સગીરાએ હિંમત દાખવી પોતાના પરિવારને આપવીતી જણાવી હતી. દીકરીની વાત સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે પોલીસનો સંપર્ક કરી ઘટનાની જાણ કરતાં જ પોલીસે તરત જ તબીબી પરીક્ષણ માટે હોસ્પિટલ ખસેડી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.




## ચાર પૈકી એક આરોપી સગીર, તમામની ધરપકડ

આ ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓનો કાફલો તેમજ ટેક્નિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી પોલીસે ગણતરીના કલાકોમાં જ ચારેય આરોપીઓને ઝડપી પાડ્યા છે, જેમાં એક સગીર હોવાનું સામે આવ્યા છે. તમામ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસે પોક્સો એક્ટ સહિત કલમો સહિત ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# ઉધના પાસે હાવડા-અમદાવાદ એક્સપ્રેસનો પેન્ટોગ્રાફ તૂટતા રેલ વ્યવહાર ખોરવાયો

**દક્ષિણ** ગુજરાતના વ્યસ્ત રેલ્વે રૂટ પર મોટી ટેક્નિકલ આફત સર્જાતા મુસાફરો હાલાકીમાં મુકાયા

**હાઇવોલ્ટેજ** લાઈનમાં ખામી સર્જાતા રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક પાવર બ્લોક લેવામાં આવ્યો

સુરતઃ આજે રવિવારે ઉધના રેલવે સ્ટેશન નજીક હાવડાથી અમદાવાદ જતી 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનના એન્જિનનો પેન્ટોગ્રાફ ઓવરહેડ વાયરમાં ફસાઈને તૂટી પડ્યો હતો. આ અકસ્માતને પગલે હાઈવોલ્ટેજ લાઈનમાં ખામી સર્જાતા રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક પાવર બ્લોક લેવામાં આવ્યો હતો,

અનુસંધાન પાના ૧૧ પર



## ટ્રેનોને આઉટર ટ્રેક પર અડધો કલાક રોકી રાખવામાં આવી

ખાસ કરીને ગુજરાત એક્સપ્રેસ અને દુરંતો એક્સપ્રેસ જેવી પ્રીમિયમ ટ્રેનોને આઉટર ટ્રેક પર અડધો કલાક સુધી રોકી રાખવાની ફરજ પડી હતી. ગરમીના માહોલમાં ટ્રેનો અધવચ્ચે ઉભી રહી જતા નાના બાળકો અને વૃદ્ધ મુસાફરો ભારે પરેશાન થયા હતા. સુરત સ્ટેશન પર પણ અન્ય કેટલીક ટ્રેનો અટવાઈ પડી હતી, જેને પગલે પ્લેટફોર્મ પર મુસાફરોનો ઘસારો જોવા મળ્યો

અનુસંધાન પાના ૧૧ પર

# વાંઝમાં ગેસ રિફિલિંગ કરતાં બે દુકાનદાર ઝડપાયા

**વાંઝ** ગામે ગેસના મોટા બાટલામાંથી જોખમી રીતે નાના બાટલામાં ગેસ ભરી રહ્યા હતા

સુરત : શહેરમાં એકતરફ ગેસની કટોકટીનો લાભ ઉઠાવી કાળાબજારિયાઓ સક્રિય થયા છે, ત્યારે સચિન પોલીસે વાંઝગામ વિસ્તારમાં માનવ જિંદગીને જોખમમાં મૂકીને ચાલતા ગેરકાયદે ગેસ રિફિલિંગના બે અલગ-અલગ અડ્ડાઓ પર દરોડા પાડી બે આરોપીને મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. આ તત્ત્વો ઘરેલું વપરાશના ગેસના મોટા બાટલામાંથી જોખમી રીતે નાના બાટલામાં ગેસ ભરીને સામાન્ય નાગરિકોના જીવ સાથે ખેલ ખેલી રહ્યા હતા.

બાતમીના આધારે સચિન પોલીસની ટીમે ગત શુક્રવારે રાત્રે વાંઝ ગામના આકાશ કોમ્પ્લેક્સમાં દરોડા પાડ્યા હતા. દરોડામાં પ્લોટ નંબર 61-63 માં આવેલી દેવનારાયણ કિરાણા સ્ટોર નામની દુકાનમાંથી મુકેશકુમાર રોશનલાલ મેવાડા (ઉ.વ. 30) ને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. અહીં આરોપી

અનુસંધાન પાના ૧૧ પર

# બેંગકોક-સુરત ફ્લાઈટમાંથી 1.5 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

**એર** ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં સીટની નીચે સેફ્ટી જેકેટના પાઉચમાં 4 પેકેટ છુપાવેલા

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન બેંગકોકથી આવેલી ફ્લાઈટમાંથી દોઢ કરોડ રૂપિયાથી વધુ કિંમતનો હાઈ-ક્વોલિટી હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાતા સુરક્ષા એજન્સીઓમાં ચકચાર મચી ગઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે આ નશીલો જથ્થો કોઈ મુસાફરની પાસે નહીં પરંતુ વિમાનની સીટની નીચે સેફ્ટી જેકેટ રાખવાના પાઉચમાં છુપાવી દેવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર એર ઇન્ડિયા એક્સપ્રેસની બેંગકોક-સુરત ફ્લાઈટ નંબર IX-263 ગત રોજ સાંજે અંદાજે 7.40 કલાકે સુરત એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. ફ્લાઈટ વિશે મળેલી ચોક્કસ બાતમીના આધારે કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ વિમાનમાં સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સીટ નંબર 12E અને 12F ની નીચે સેફ્ટી જેકેટ રાખવાના ખાનામાં શંકાસ્પદ પેકેટો મળી આવ્યા હતા. તપાસ કરતાં કુલ 1656.07 ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજાને ખાસ પ્રકારના વેક્યૂમ પેક્ડ પોલિથિનમાં પેક કરવામાં આવ્યો હતો, જેથી સ્કેનર મશીનમાં પણ સરળતાથી પકડાય નહીં. કુલ ચાર પેકેટ મળી આવ્યા હતા. જેમાંથી ત્રણ પેકેટ ગ્રે કલરની સેલો ટેપથી અને એક પેકેટ બ્રાઉન સેલો ટેપથી વિંટાળેલું હતું.

અનુસંધાન પાના ૧૧ પર

ભાજપના બુથ પ્રમુખના પુત્રએ જૂની અદાવતમાં હત્યા કરી હોવાની શંકા

# ડિંડોલીમાં સરાજાહેર પ્રોપર્ટી ડીલરની હત્યા

**ક્રિષ્ણામોલ** પાસે જૂની અદાવતમાં ચપ્પુના 50 ઘા મારી ખેલાયો લોહિયાળ ખેલ

**અમિત** રાજપૂતના ઇશારે હત્યા થઈ હોવાનો મૃતકના પિતાનો આક્ષેપ

**પૂર્વ** પ્રદેશ પ્રમુખના જન્મદિને રક્તદાન કરીને આવેલા યુવાનને રહેંસી નંખાયો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આજે એક સનસનીખેજ હત્યાની ઘટના સામે આવી છે, જેમાં 26 વર્ષીય જમીન લે વેચના ધંધા સાથે સંકળાયેલા યુવકને જાહેરમાં રહેંસી નાખવામાં આવ્યો છે. ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખના જન્મ દિન નિમિત્તે

અનુસંધાન પાના ૧૧ પર

## રાજકીય હરિફાઈમાં મારી પર આક્ષેપો કરાયા છેઃ અમિતસિંહ રાજપુત

પોતાની ઉપર લાગેલા આરોપો વિશે ભાજપ નેતા અમિતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, આ મારી રાજકીય કારકિર્દી ખતમ કરવાનો પ્રયાસ છે. મને આ હત્યા સાથે કશું લાગતું વળગતું નથી. બંને પક્ષો વચ્ચે અગાઉ પણ માથાકૂટો થઈ ચૂકી છે. મરનાર દિલીપસિંહ નામની વ્યક્તિનો સંબંધી છે અને દિલીપસિંહ મારો રાજકીય હરિફ હોવાથી મારી પર રાજકીય આક્ષેપો કરાયા છે.

## ન્યાય ન મળે ત્યાં સુધી લાશ લેવાનો ઇન્કાર

મરનારના પિતા રાઘવપ્રકાશે જણાવ્યું હતું કે, મારા દિકરાની

અનુસંધાન પાના ૧૧ પર

## અગાઉ રેસ્ટોરન્ટમાં થયેલા ઝઘડામાં યુવકની હત્યા

સૂત્રો પાસે મળતી માહિતી મુજબ મરનાર આશિષસિંગ અને હત્યા કરનાર આઠેક મહિના પહેલા મિત્રો સાથે ગોડાદર વિસ્તારમાં આવેલી એક હોટલ પર નોનવેજ ખાવા માટે ગયા હતા. દરમિયાનમાં ભાજપ બુથ પ્રમુખના પુત્ર આશિષસિંઘ અને અભિષેક વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે આશિષે તેને મારમારતા તે જમીન પર પટકાયો હતો. આ અંગે ગોડાદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારથી તેમની વચ્ચે અદાવત ચાલી આવતી હતી. બાદમાં પુણા પોલીસમાં આશિષે અપહરણ અને મારમાર્યાની ફરિયાદ નોંધાવી હતી. હત્યારાના પિતા પૂર્વ કોર્પોરેટર અમિતસિંહ રાજપૂતના નજીકના કાર્યકર ગણાય છે.


હાર્દિક શ્રદ્ધાંજલિ



મૃત્યુ એ અટલ અને નિશ્ચિત કુદરતી ઘટના છે,
છતાં તમારૂં આમ અચાનક છોડી જવું
એ અમારા સૌ માટે આઘાતજનક છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના....

સ્વ. અ.સૌ. ઈન્દુબેન ધનસુખભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૩/૨૦૨૬

સ્વ. લીલાબેન લલ્લુભાઈ પટેલ - લલ્લુભાઈ સુખાભાઈ પટેલ
મહેશભાઈ લલ્લુભાઈ પટેલ - અનિતાબેન મહેશભાઈ પટેલ
નિરલ મહેશભાઈ પટેલ - ખુશ્બુ નિરલભાઈ પટેલ
રોકી હરીશભાઈ પટેલ - દિવ્યા રોકીભાઈ પટેલ
ઝોયા, શ્વેત, શ્રીજા તથા સમસ્ત પરિવાર

દુ:ખદ અવસાન-સંયુક્ત બેસણું



અમારા માતાશ્રી સ્વ. વાલીબેન ભાણાભાઈ પટેલનું
તા. ૧૫-૦૩-૨૦૨૬ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદગતનું બેસણું સોમવારે તા. ૧૬-૦૩-૨૦૨૬નાં રોજ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.
બેસણાનું સ્થળઃ વડ ફળિયું, ભીમરાડગામ, સુરત.

સ્વ. વાલીબેન ભાણાભાઈ પટેલ
જન્મ તા. ૨૫-૦૯-૧૯૨૬
સ્વ. તા. ૧૫-૩-૨૦૨૬

લિ. સ્વ. ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ (પુત્ર)
સ્વ. રમણભાઈ ભાણાભાઈ પટેલ (પુત્ર)
અર્જુનભાઈ ભાણાભાઈ પટેલ (પુત્ર)
દિનેશભાઈ ભાણાભાઈ પટેલ (પુત્ર)
જિગ્નેશ, જૈનિશ, આશિષ, રજત, ઓમ, એલિષા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



કૈવલ્યવાસી.મનહરલાલ આદિતરામ જરીવાલા
તા. ૧૬/૦૩/૨૦૨૫ ને રવિવાર સંવત ૨૦૮૧ ફાગણ વદ બીજ

આપનું જીવન અમારી પ્રેરણા છે. આપના આદર્શ અમારા માર્ગદર્શક છે.
આપનુ સાદગીભર્યુ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલ અને પરોપકારી ભાવના અમો આજીવન ભુલશુ નહિ, જીવન એવુ જીવી ગયા કે કયારેય ભુલાય નહિ.
શ્રી ચક્રધર કૃષ્ણ ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને એમના ચરણોમા સ્થાન આપે એજ પ્રભુપ્રાર્થના

લિ.
જયંતીલાલ આદિતરામ જરીવાલા
પ્રદિપકુમાર જયંતિલાલ જરીવાલા
દિનેશચંદ્ર જયંતિલાલ જરીવાલા
વિરલ પ્રદિપકુમાર જરીવાલા
રોમીલ પ્રદિપકુમાર જરીવાલા
અતુલકુમાર મનહરલાલ જરીવાલા
રાજેશકુમાર મનહરલાલ જરીવાલા
શ્યામ રાજેશકુમાર જરીવાલા

મનહર ડાઈંગ એન્ડ પ્રિન્ટીગ વર્કસ | મનહર પ્રોસેસર્સ | મનહર ટેક્ષ ફેબ

દુઃખદ અવસાન



સ્વ. કાંતિલાલ ઉત્તમરામ બદામી
સ્વ. તા. ૧૫.૦૩.૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/પિતાશ્રી કાંતિલાલ ઉત્તમરામ બદામી નું
તા. ૧૫/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ દેહાવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.
સદ્દગતનું બેસણું તા. ૧૬/૦૩/૨૦૨૬ ને સોમવારના સમય સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન દયાળજી આશ્રમ, ગ્રાઉન્ડ ફ્લોર, એસી હોલ, મજુરા ગેટ, સુરત રાખવામાં આવેલ છે.

લિ. ગં.સ્વ અસ્મિતાબેન કાંતિલાલ બદામી
ડો. હર્નિશ કાંતિલાલ બદામી | ડો. દેવીના હર્નિશ બદામી
રમેશકુમાર રામદયાળભાઈ મિશ્રા | દ્યુતિ રમેશકુમાર મિશ્રા
મિહીરકુમાર મહેન્દ્રભાઈ ટીકોડીયા | ધ્રુવી મિહીરકુમાર ટીકોડીયા
સ્વ. જયંતિલાલ ઉત્તમરામ બદામી | નવીનચંદ્ર ઉત્તમરામ બદામી
નરેશકુમાર ઉત્તમરામ બદામી | જયકિશોર ઉત્તમરામ બદામી
ક્રિશાંગ, કવિશ અને સાનવી
૩૨-એ, 'શિવમ' ગેટ નં.૩, વિજયનગર સોસાયટી, મજુરા ગેટ, સુરત.

અગ્યિારમી માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ
(ભીમરાડ ગામ)
સ્વ તા. ૧૬-૦૪-૨૦૨૫

એક મજબુત નીવ, નિર્મળ લાગણીની... એક વચન, અનંત સાથનો...
એક અદમ્ય ભરોસો, અતૂટ વિશ્વાસનો... એક સાક્ષાત દ્રષ્ટાંત, પરિવારના મોભીની પ્રતિતીનું...
એક આધારરૂપ અહેસાસ, 'તમે છો ને' એનો સદા !
ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના...

લિ. મોહનભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. ચીમનભાઈ ભાણાભાઈ પટેલ | ગં.સ્વ.પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
હસમુખભાઈ ભાણાભાઈ પટેલ | સુશીલાબેન હસમુખભાઈ પટેલ
ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ | જૈકોરબેન ઈશ્વરભાઈ પટેલ
મુકેશભાઈ મોહનભાઈ પટેલ | મમતાબેન મુકેશભાઈ પટેલ
નરેશભાઈ મોહનભાઈ પટેલ | બિનીતાબેન નરેશભાઈ પટેલ
બંકિમભાઈ ચીમનભાઈ પટેલ | રૂપલબેન બંકિમભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ | કિર્તીબેન જીતેન્દ્રભાઈ પટેલ
પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ | અંકિતાબેન પ્રકાશભાઈ પટેલ
ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ | પ્રિયંકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ
ગૌતમભાઈ ઈશ્વરભાઈ પટેલ | આશિતાબેન ગૌતમભાઈ પટેલ
શ્રીનલ, પ્રિત, મિરેન, સેન, ક્રિશ, કુશ, ભવ્ય, પંથ, હૃદય, ફેની, રીંકલ, યક્ષિતા, ક્રિસ્ટીના, પલ, કેયા, દિપલ